**ગુજરાત રાજય માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**

**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

---

## (રજીસ્ટર્ડ થયેલી બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક અને જુના શિક્ષકની પસંદગીયાદી / પ્રતિક્ષાયાદી તૈયાર કરવા અંગેની આપેલી જાહેરાત અનુસંધાને સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના **તા.૧૧/૦૨/૨૦૧૧ના** જાહેરનામા ક્રમાંકઃ-જી.એચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા તા.૩/૬/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક:-જી.એચ/ એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:-જી.એચ/એસ.એચ/૭/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, **તા.૨૩/૦૨/૨૦૧૬** તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, **તા.૨૪/૦૨/૨૦૧૬** તથા સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓ અન્વયે રાજયની રજીસ્ટર્ડ બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંદાજે **કુલ- ૪૩૯૭ - શિક્ષણ સહાયક** અને અંદાજે **કુલ- ૧૧૧૧- જુના શિક્ષકની** પસંદગી અંગેની જાહેરાત વર્ષ- ૨૦૧૬ અન્વયે મેરિટના ધોરણે ભરવા માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમુનામાં ઓનલાઇન અરજીઓ માંગવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી **તા.-૧૫/૦૪/૨૦૧૬ થી તા.૩૦/૦૪/૨૦૧૬** સુધી **www.gserb.org** વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ **તા. ૩૦/૦૪/૨૦૧૬ના રોજ ૨૩.૫૯** કલાક સુધી ઓનલાઇન કરવાની રહેશે.

1. **શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાતઃ-**

- બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/જુના શિક્ષકો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જે વિષયો માટે TAT પરીક્ષા યોજવામાં આવેલ છે અને તેમાં ઉર્તિણ થયેલ ઉમેદવારોએ જે વિષયમાં ખાલી જગ્યા દર્શાવેલ છે તે વિષય માટે ઉમેદવારો અરજી કરી શકશે.

- રજીસ્ટર્ડ બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક/જુના શિક્ષકની નિમણુંક માટેની ન્યુનત્તમ લાયકાત શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/ બમશ/ ૧૧૦૯/ ૧૯૦૬/ ગ ના નિયમ-૭(એ)માં દર્શાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિનિયમો-૧૯૭૪માં નિયત થયેલ શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત તેમજ શિક્ષણા વિભાગના તા.૨૮/૧૦/૧૯૭૫ અને તા. ૮/૧૦/૨૦૦૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ અનુસ્નાતક અને વ્યવસાયિક લાયકાત ધરાવતો હોવો જોઇએ.

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/ બમશ/ ૧૧૦૯/ ૧૯૦૬/ ગ ના નિયમ-૭(એ)માં દર્શાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિનિયમો-૧૯૭૪માં નિયત થયેલ વય ધરાવતો હોવો જોઇશે.

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/ ૧૧૦૯/૧૯૦૬/ગ ના નિયમ-૭(બી) મુજબ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી હોવી જોઇશે. તેમજ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦/ ૨૦૦૪૭/૧૨૦૩૨૦/ગ.૫ નિયત થયેલ જોગવાઇઓ મુજબ રહેશે.

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/ ૧૧૦૯/૧૯૦૬/ગ થી નકકી થયેલ જોગવાઇ મુજબ “જુના શિક્ષક” રજીસ્ટર્ડ થયેલી ખાનગી સરકાર પાસેથી સહાયક અનુદાન મેળવતી બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અથવા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અગાઉથી સેવામાં હોઇ અને નિયમિત શિક્ષક તરીકે પાંચ વર્ષનો અનુભવ ધરાવતાં હોય અને અન્ય બિન સરકારી સહાયક અનુદાન મેળવતી શાળામાં જૂના શિક્ષક તરીકે નવી નિમણૂંક મેળવવા માટે અરજી કરી શકશે.

- જુના શિક્ષક તરીકે ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારોએ આ સાથે રજુ કરેલ નિયત પત્રકમાં અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

- ઉમેદવારે જે માધ્યમમાં અભ્યાસ કરેલ હશે અને જરૂરી લાયકાતો મેળવેલ હશે તે જ માધ્યમની જગ્યા માટે ઉમેદવારી શકશે.

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/ બમશ/ ૧૧૦૯/ ૧૯૦૬/ગ ના પરિશિષ્ટ-૧(૨)માં નિયમ-૧૧(૩)(૨)માં જણાવ્યા મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક માટે લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ રહેશે.

| **ક્રમાંક** | **લાયકાત** | **મહત્તમ ગુણ** |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨ | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | ૧૦ |
| ૩ | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ/બી.પી.એડ વગેરે. | ૦૫ |
| ૪ | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ/એમ.પી.એડ વગેરે | ૦૫ |
| | **કુલ** | **૩૦** |

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/ ૧૯૦૬/ગ, તથા શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:- જી.એચ/એસ.એચ/૭/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તા.૨૪/૦૨/૨૦૧૬ જોગવાઇઓ અનુસાર પસંદગી યાદી ઉમેદવારના લાયકાતના પ્રમાણપત્ર મુજબ મેળવેલ ગુણના ૩૦ ટકા ભારાંક અને શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલ ગુણના ૭૦ ટકા ભારાંકને આધારે તૈયાર કરવામાં આવશે. અગાઉ લેવાયેલ TAT પરીક્ષા પૈકી ઉમેદવાર જે માર્કશીટ રજુ કરશે તે પરીક્ષાનું ગુણાંકન ધ્યાને લેવામાં આવશે.

- શિ.વિ.ના તા.૨૩/૨/૨૦૧૬નાં જાહેરનામા મુજબ એક થી વધારે વખત TAT પાસ કરેલ ઉમેદવારોએ પોતે પસંદ કરે તે એક જ માર્કશીટના મેળવેલ ગુણ અરજી પત્રકમાં દર્શાવવાના રહેશે. જે ધ્યાને લઇ તેઓનું નિયમોનુસાર ગુંણાકન કરવામાં આવશે. પ્રમાણપત્રો ચકાસણી સમયે અરજી પત્રક માં દર્શાવેલ માર્કશીટ રજુ કરવાની રહેશે. (એક થી વધુ વખત TAT પરીક્ષા આપેલ હોય તો Average માર્કસ ધ્યાને લેવાની જોગવાઇ રદ કરવામાં આવેલ છે.)

- પસંદગી પામેલ અને બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિમણુંક મેળવનાર ઉમેદવાર શિક્ષણ વિભાગના તા.૨૧/૦૫/૧૯૯૪, તા.૦૬/૦૭/૧૯૯૮ તથા તા.૧૬/૦૮/૨૦૦૨ના ઠરાવોની જોગવાઇઓ અનુસાર ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે નહી.

2. <u>પગાર ધોરણ:-</u>

- ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને પ્રથમ પાંચ વર્ષ સુધી ફીકસ રૂ.૧૩,૭૦૦/- માસિક વેતન મળવાપાત્ર થશે.
- પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા માટેનું પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦ અથવા સરકાર દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણ આપવા માટે સંબંધિત શાળા મંડળે કાર્યવાહી કરવાની રહેશે.
- આ ભરતી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં એસ.એલ.પી.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા અન્ય પડતર કોર્ટ દાવાઓના આખરી ચુકાદાને આધીન રહેશે.

3. <u>ભરવાપાત્ર જગ્યાઓ:-</u>

- જે તે જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર, વિષયવાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઇટ ઉપર દર્શાવવામાં આવેલ છે.
- પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી / આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઇ હક દાવો રહેશે નહી. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા ઉપર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી.

4. <u>અનામત જગ્યાઓ બાબત :-</u>

- શિક્ષણ વિભાગના પત્રાંકઃબમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તા.૭/૬/૨૦૧૧ના પત્રથી ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય/શિક્ષકોની ભરતી માટે નિમણુંક સત્તાધિકારી તરીકે સંચાલક મંડળ હોય છે. રોસ્ટરના નિયમો મુજબ શાળાવાર રોસ્ટર રજીસ્ટર્ડ સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે મંજુર કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તદ્દઅનુસાર ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને રજૂ કરેલ માહિતીના આધારે જગ્યાઓ ભરવામાં આવશે.
- અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતજાતિના હોય તેવા ઉમેદવારો અને મહિલાઓ અને શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યાઓ માટે તેમજ વયમર્યાદા અંગે રાજયની બિન સરકારી ગ્રાન્ટેડ શાળાને લાગુ પડતા વખતો-વખતના નિયમો અને જોગવાઇઓ લાગુ પડે છે.
- **સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

- સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી હોય તો જ મળવાપાત્ર થશે.

- પરીણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

- **અરજી સાથે પરિશિષ્ટ- ક ને બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.**

- આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળાની આવકને ધ્યાને લઇ તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ મેળવેલું હોવું જોઇએ.

- જો ઉમેદવારોએ આ પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહી.

***5 <u>અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓઃ-</u>***

- અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. તમોએ ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.

- અરજીપત્રક ભરવા અંગે વેબસાઇટ ઉપર આપવામાં આવેલ સુચવાઓને અનુલક્ષીને ભરવાનું રહેશે.

- ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

- આ અંગેનું ઓનલાઇન અરજીપત્રક વેબસાઇટ **www.gserb.org** ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે.

- ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.

  ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો બાદ તેમાં સુધારા-વધારા કરવા અંગેની કોઇપણ રજૂઆત ધ્યાનમાં લેવામાં આવેશ નહિ.

- બિન અનામત ઉમેદવાર માટે અરજી ફી રૂા.૧૦૦.૦૦ (અંકે રૂપિયા સો પુરા) અને અનામત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂા.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ પુરા) ઉમેદવારે ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી.

ફોર્મ ભરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇપણ શાખામાં ભરવાની રહેશે.

- ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

- ઓનલાઇન અરજી પત્રક તા.૧૫/૦૪/૨૦૧૬થી સવારે ૧૨-૦૦ કલાકથી તા.૩૦/૦૪/૨૦૧૬ના રોજ ૨૩.૫૯ કલાક સુધી ભરી શકાશે.

- ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

- આ જાહેરાતનો હેતુ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા તા. ૩/૬/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક : જીએચ/ એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ ની જોગવાઇઓ અનુસાર હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. મેરીટના આધારે ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

- બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક/જુના શિક્ષકની ભરતી સંબંધે તમામ સુચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

- આ અંગે કોઇપણ મુંઝવણ હોય તો નજીકની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરી શકશો.

- ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી પ્રયત્નો અંગેના તમામ દાખલા તેમજ આધારો ચકાસણી સમયે અવશ્ય રજુ કરવાના રહેશે.

- ઉમેદવારે નિયત અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) નું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર નિમણુંક થતા સમયે રજુ કરવાનું રહેશે. જેમાં કોઇપણ સંજોગોમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારની નિમણુંક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.

- કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે.

- જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીના લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

- જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષણ સહાયક/જુના શિક્ષક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક અનુભવ અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇ ના કોઇ પણ તબકકે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહી.

- સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. અને કોઇપણ સંજોગોના કારણે કોઇપણ સંજોગોમાં ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી કે ભુલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધુરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલ ગણાશે.

- અરજદારે પોતાનું ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને ઇ-મેઇલ / એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે જાતે ઇ-મેઇલ / એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

- અરજીપત્ર ભરવા અંગેની ખોટી, અધુરી કે ભુલભરેલી માહિતી બાબતે સુચનાઓ ઉમેદવારોએ વાંચેલ છે. સુચનાઓ ઉમેદવાર સમજે છે. અને ઉમેદવારને બંધનકર્તા છે.

- અરજદારોએ ભરેલ ફોર્મની પ્રિન્ટેડ નકલ મેળવી લઇ સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ અરજી ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

- અરજદારે જે ફોર્મ ભરેલ છે તેના દરેક પાના ઉપર સહી કરવાની રહેશે. અને જયારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

- આ સમગ્ર ભરતી પ્રક્રિયા ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા તા. ૩/૬/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા જાહેરનામા ક્રમાંક:- જી.એચ/એસ.એચ/૭/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ,તા.૨૩/૦૨/૨૦૧૬ તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તા.૨૪/૦૨/૨૦૧૬ ની જોગવાઇઓ તથા સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓને આધીન રહેશે. અને આ બાબતે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**(ઇ.પી.દેસાઇ)**
**સભ્ય સચિવ**
**ગુજરાત રાજય માધ્યમિક અને ઉ.મા. શૈક્ષણિક સ્ટાફની ભરતી**
**માટેની પસંદગી સમિતિઅને સંયુકત શિક્ષણ નિયામક(માધ્યમિક),**
**કમિશનર, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર.**